


## સલામી સવારની..

*વેરભાવનું ઝેર લઈને ફેલાય છે આતંક,*
*ને ક્રૂરતાનો કેર લઈને ખાલય છે આતંક,*
*વીર પત્રકારોને કંઠે મેલાય છે કરવત -*
*નિર્દોષ લોકોનાં લોહીથી ખરડાય છે આતંક...*

હાઈકુ

*હોય છે સદા*
*નજર નેતાઓની -*
*લાભ-પાંચમે...*
*(પક્ષ-પલ્ટા)*

*બફાઈ જાય*
*આવે મદદે 'શબ્દ' -*
*'તોડ-મરોડ'...*
*(અમિત શાહે બાફ્યું)*

## ચિંતન

**હરિયા જાનેઃ રૂખડા, ઉસ પાની કા નેહ । સુખા કાન ન જાને હૈ, કિતહું બૂડા નેહ ॥**

કબીરજી આ દોહરામાં સત્સંગ-ભજનના પ્રભાવ માટે યોગ્ય 'પાત્રતા' હોવી જરુરી છે એમ સમજાવવા ઈચ્છે છે :

રૂખડો (બાવળ) જયારે ઉનાળામાં સૂકો થઈ જાય એક પણ પાંદડું તેના દેહ પર ન રહે તો પણ જો તેના મૂળ સાબૂત હોય (સારા સંસ્કાર) તો પ્રથમ વરસાદે જ તેના પર અંકૂર ફૂટી નીકળે છે.

પરંતુ જેના મૂળમાં જ દોષ હોય-સડેલાં હોય તેના પર ગમે તેવી અતિવૃષ્ટિ થાય તો પણ એકેય પાંદડું ઊગતું નથી.

માણસનાં પૂર્વજન્મના કર્મો અને અત્યારના સંસ્કાર સારા હોય તો થોડુંક પણ ભજન-સત્સંગ પરિણામ દાયી-સફળ થઈ ઊગી નીકળે પણ સારા માણસ ક્રોધી-વ્યસની, ચંચળ સ્વભાવનો હોય તો તે ગમે તેટલો સત્સંગ-સ્વાધ્યાય-કરે કંઈ જ અસર થતી નથી. ભેંસ આગળ 'ભાગવત્' ન જ થાય.

પાત્રતા વિના ઉપદેશ સફળ ન થાય.

## સુવિચાર

- આખી જિંદગી તમે આંકડા માંડ્યા કરો અને
  છેલ્લે સરવાળો કોઈ બીજું જ કરી જાય એનું નામ જ નસીબ - **એસ.એમ.એસ.**
- કંઈક શીખવા માટે જીવીશું તો જીવતા તો શીખી જ જઈશું - **એસ. ભટ્ટાચાર્ય**
- ઈશ્વર હંમેશા આપણી પ્રાર્થનાઓ સાંભળે જ છે...
  ત્યારે પણ જયારે આપણી પાસે શબ્દો નથી હોતાં - **પૂજ્ય મોટા**
- જીવનમાં એટલા પણ આગળ ન વધવું કે પાછળ નજર કરો તો કોઈ જ ન હોય - **ઝેન કથન**
- આપણું બોલેલું કદાચ સારું કામ ન કરી શકે...
  પણ આપણું કરેલું સારું કામ તો હંમેશા બોલાશે જ - **જ્ઞાનસૂત્ર**
- પ્રસિદ્ધિ એ આપણા વીરતાપૂર્વક કરેલા સારા કર્મોની સોડમ છે - **જનકલ્યાણ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધકથા

આપણી ન્યાય કોર્ટો-કાયદા આજે પ્રવાહી જેવી થઈ ગયા છે જે વાસણમાં નાખો એવો રંગ થાય અને ઘાટ ધારણ કરે હવે ન્યાય પણ 'સત્તાપક્ષ' અને ધનસંપત્તિની સેવામાં હોય એવું સામાન્યજનને લાગે છે. એટલે તો પંચાયતથી સુપ્રીમ સુધી એક જ 'મામલા'ના ચૂકાદા બદલાતા રહે છે.

મુલ્લાં નસરુદ્દીન લાગવગથી કાજી બની ગયો (ન્યાયાધીશ) એક બળવાન પઠાણ અને એક નેતા વચ્ચે લેતી-દેતીનો ઝગડો થઈ ગયો.

પઠાણે ઊંચા અવાજે હાથ-પગ પછાડી પોતાની વાત રજૂ કરી. નસરુદ્દીન ગભરાઈને જ કહી દીધું, 'તારી વાત સાચી લાગે છે.'

પછી નેતાઓ પોતાની સત્તા-પદ-શક્તિની વાત કરી પોતાનો બચાવ રજૂ કર્યો. મુલ્લાંને પરસેવો થઈ ગયો. મુલ્લાં કહે, 'તમારી વાત સાચી છે.'

પ્રેક્ષકમાં એક વૃદ્ધ વકીલ બેઠો હતો. એણે કહ્યું, કાજી સાહેબ બંને પક્ષની વાત સાચી કેમ હોય?

મુલ્લાંએ એને પણ કહ્યું, 'તમારી વાત સાચી છે.' હાલની તારીખે હું મારો ચૂકાદો સુરક્ષિત રાખું છું.'

# ગાંધીને મારી શકાય, ગાંધી વિચારને નહિં...

## તંત્રીસ્થાનેથી....

ગાંધીજીને દેશે રાષ્ટ્રપિતા તરીકે સ્વીકાર્યા હોવા છતાં હિંદુ મહાસભા જેવાં કેટલાંક કટ્ટરવાદી સંગઠનો એમના હત્યારા નાથુરામ ગોડસેને 'હીરો' ગણાવવા મથે તે ખરે જ દેશ માટે અત્યંત કમનસીબ અને શરમજનક બાબત ગણાવી જોઈએ. હમણાં ૧૫મી નવેમ્બરના દિવસે આવાં ત્રણેક સંગઠનોએ ગોડસેની પુણ્યતિથિ ઊજવી, એટલું જ નહીં - એને રાષ્ટ્રીય વીર નાયક તરીકે સ્થાપિત કરવાની ચેષ્ટા કરી તેથી દેખીતી રીતે જ રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીનું અપમાન થયું છે. લોકશાહીમાં દરેકને પોતાનો અંગત અભિપ્રાય રાખવાનો અધિકાર છે, પરંતુ એની આવી વરસી અભિવ્યક્તિ કોઈ પણ દેશવાસીને ઠેસ જ પહોંચાડે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ વિચારક એમ.જી.વૈદ્યે આ મુદ્દે કરેલી ટકોર સમયસરની છે. સંઘ પર ગાંધી હત્યાનો આરોપ મુકાયેલો અને લાંબી તપાસને અંગે સંઘની સંડોવણી સાબિત નહિં થઈ શકતાં એના પર લદાયેલ પ્રતિબંધ ઉઠાવી લેવો પડ્યો હતો. તેમ છતાં, નાથુરામ ગોડસેને સંઘ સાથે સાંકળવાનું રાજકારણ આજપર્યંત ખેલાતું રહ્યું છે, સંઘ હિંદુત્વની અને હિંદુ રાષ્ટ્રની વાત કરે છે. પરંતુ એની સાથે અસહમતી દર્શાવનારાઓને મારી નાખવા જેવી તાલેબાની હરકત એ ન જ કરી શકે. ગાંધીજી સાથે સંઘને જ નહીં, ખુદ કોંગ્રેસના કેટલાક વરિષ્ઠ નેતાઓનો કેટલાક મુદ્દે વિરોધ હતો તે કોણ નથી જાણતું? સરદાર પટેલ અને પંડિત નહેરુએ ગાંધીજીની ઈચ્છા વિરુદ્ધ દેશના વિભાજન મુદ્દે સંમતિ આપવી પડી હતી. સંઘના કેટલાક આગેવાનો ગાંધીજીએ પાકિસ્તાનને આપવાની થતી રકમના મુદ્દે ઉપવાસની ધમકી આપી એથી સ્વાભાવિક રીતે જ નારાજ હતા. આમ, ગાંધીજીની હત્યા પાછળ જે વાતાવરણ બંધાયું એમાં હિંદુત્વવાદી સંસ્થાઓ જવાબદાર ખરી. સરકાર એમનું રક્ષણ કરવામાં નિષ્ફળ ગઈ તે પણ કડવી હકીકત હતી જ. ગાંધીજીએ પોતાના રક્ષણની જવાબદારી ઈશ્વરને સોંપી રાખી હતી. ભારત સરકારે એમને એમની ઈચ્છા વિરુદ્ધ પણ પૂરતું સંરક્ષણ પૂરું પાડવું જોઈતું હતું, જે ન બની શક્યું હોય તો તેમાં તત્કાલિન વડાપ્રધાન અને ગૃહપ્રધાન બેઉ સરખા જવાબદાર ગણાવા જોઈએ. એ બધી બાબતો વિશે બોલકા કોંગ્રેસ વિરોધી નેતા સુબ્રમણ્ય સ્વામીએ પુનઃ તપાસ માગી હોય તો એ પણ નિરર્થક છે. ગાંધી હત્યાને 'હીરોઈક' પરાક્રમમાં ખપાવવા મથતાં કટ્ટરવાદી સંગઠનો સાથે સંઘ વિચારધારાની રીતે સંકળાયેલો હોઈ એના પર વારંવાર માછલાં ધોવાતાં રહ્યાં છે. પરંતુ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ એ દેશના બહુમતી સમાજની ચિંતા કરનારું સાંસ્કૃતિક સંગઠન છે અને ભારતીય જનતા પાર્ટી એ એની રાજકીય પાંખ છે. હિંદુ રાષ્ટ્રની થિયરીને 'ઓર્થોડોક્સ' - બુર્ઝવા વિચારધારામાં ખપાવનારા પણ એટલું તો સમજે છે કે આ દેશ એના સનાતન સંસ્કારોને કારણે ઓળખાય છે અને એના સમન્વયવાદી વિચારોને કારણે એ બહારની પ્રજાઓ તેમ જ વિચારધારાઓને આત્મસાત્ કરતો રહ્યો છે. એટલે જ મહાકવિ ઈકબાલે કહેવું પડ્યું કે 'કુછ બાત હૈ કિ હસ્તી મિટતી નહીં હમારી' આ કાવ્યકંડિકા જેટલી હિંદુ ધર્મ, હિંદુસ્તાન અને એન ગંગા-જમની તહેજીબને લાગુ પડે છે, એટલી જ મહાત્મા ગાંધીને પણ લાગુ પડે છે. ગાંધીને ફક્ત શરીરથી મારી શકાય છે, એના વિચારો એ ભારતીય સંસ્કૃતિની સાચી અને શાશ્વત ઓળખ છે - કદાચ ગાંધીથી મોટો 'હિંદુ' દીવો લઈને શોધવા નીકળતાં પણ મળે કે કેમ તે પ્રશ્ન છે.

# જીવન કહીં ભી ઠહરતા નહિ હૈ, તુફાં સે આંધી સે ડરતા નહિ હૈ



જીવનના આઠ યાદગાર દાયકા વટાવીને ઊભેલી સ્વસ્થ સોફીયા લોરેનના સમાચારો સપ્ટેમ્બર ૨૦૧૫માં અનેક સમાચાર માધ્યમોમાં જોવા મળ્યાં. ૮૧ વર્ષની સોફીયા કહે છેઃ **Retirement ! That's terrible"** કર્મ એજ જીવનની ફીલસૂફી આ કલાકારે જીવી જાણી છે. ૨૦ સપ્ટેમ્બર-૧૯૩૪માં રોમ-ઈટલીમાં જન્મ લેનાર આ વિશ્વ વિખ્યાત હસ્તીનું બાળપણ ખરાબ દશા તથા પ્રતિકૂળ સંજોગોમાં પસાર થયું હતું. બાપ તરફથી તરછોડવામાં આવેલી તેની માતાના સહારે ઝૂંપડપટ્ટીમાં જીવન ગુજાર્યુ હોવાની ઘટના તે કદી ભૂલી નથી. બીજા વિશ્વયુધ્ધના કારણે સ્થિતિ વધારે ખરાબ બની. આમ છતાં પિતાના અન્યાયી વલણ કે સાધન-સગવડ સિવાયના જીવનની કડવાશ તેના જીવનમાં જોવા મળી ન હતી. પિતાની મરણ પથારી પાસે સોફીયા તમામ ભૂતકાળને ભૂલીને સાંત્વના આપવા માટે ઊભી રહી હતી. જીવનના વિધાયક દૃષ્ટિનું આ એક ઉદાહરણ છે. માંજરી આંખોવાળી આ અભિનેત્રી જીવનના લગભગ છ દાયકા સુધી આંતરરાષ્ટ્રીય ફિલ્મ ઉદ્યોગમાં અલગ સ્થાન તથા માન જાળવીને રહી શકી તે એક અસામાન્ય ઘટના છે.

માત્ર ૧૪ વર્ષની ઉંમરે એક સૌંદર્ય સ્પર્ધામાં તે ઝળકી ઊઠી અને પ્રગતિના એક પછી એક શિખર સર કરવાની ભાતીગળ જીવન-યાત્રાની શરૂઆત થઈ. સોફીયા આટલી નાની ઉંમરમાં જાણીતા ફિલ્મ પ્રોડયુસર કાર્લો મોન્ટીની નજરમાં વસી ગઈ. કાર્લો સોફીયાથી ઉંમરમાં ૨૨ વર્ષ મોટા અને ફિલ્મ નિર્માણના અનુભવી કસબી હતા. અભિનયક્ષમતા અને સૌંદર્યના સાક્ષાત અવતાર સમાન સોફીયા વિશ્વભરના દર્શકોની માનીતી બની. તેની અનેક ફિલ્મોમાં હાઉસબોટ (૧૯૫૮), ટુ વીમેન (૧૯૬૦) અને યસ્ટરડે ટુડે એન્ડ ટુમોરો (૧૯૬૩) જેવી અનેક જાણીતી ફિલ્મો પ્રેક્ષકોએ વખાણી અને વધાવી. ૧૯૬૬માં ફિલ્મ નિર્માતા કાર્લો મોન્ટીને જ પરણી અને બે સંતાનની પ્રેમાળ માતા બની રહી. ૧૯૫૭માં યુએસએમાં નિર્માણ પામેલી એક ફિલ્મમાં કામ કર્યુ અને ફિલ્મને અણધારી સફળતા મળી. તેના સુદીર્ઘ કાર્યકાળમાં ૫૦ થી વધારે એવોર્ડઝ આ અભિનેત્રીને મળ્યા તે એક ફિલ્મ જગતની નોંધપાત્ર ઘટના છે. ૧૯૯૧માં એક મેગેઝીન દ્વારા યોજવામાં આવેલ સ્પર્ધામાં તે વિશ્વના ૫૦ અતિ સુંદર લોકોની યાદીમાં સ્થાન પામી.

યુએસએના એક કલા-રસિકોના નોન-પ્રોફીટ મંડળે સોફીયાની સિધ્ધિઓ માટે તેનું જાહેર સન્માન કર્યુ. સોફીયાની સિધ્ધિઓને જાહેરમાં બીરદાવવામાં આવી. તેને લાઈફ ટાઈમ એચિવમેન્ટ એવોર્ડ આપવામાં આવ્યો. સમાચાર માધ્યમોએ નોંધ કરી કે ૮૧ વર્ષની ઉંમરે "બ્લેક ઈવનીંગ ગાઉન" માં સમારંભમાં પોતાના પુત્ર તથા પુત્રવધુ સાથે હાજર રહેલી આ જાજવલ્યમાન અભિનેત્રીએ સૌને પ્રભાવિત કર્યા હતા. આજે પણ પોતે કાર્યરત છે તેની વિગતો આપીને તેણે સક્રિય જીવન જીવવાની પ્રેરણા આપી હતી. તેણે દુનિયાભરની નવી અભિનેત્રીઓ કે અભિનયને કારકિર્દી બનાવવા માંગતી નાની છોકરીઓને ઉપયોગી જ




આપી. આગળ વધવું હોય તો ગંભીરતા તથા તન્મયતાથી મહેનત કરવાનો તેણે સંદેશ આપ્યો. સાથે સાથે જ સફળતાની સીડી સર કરવામાં કાળજી લેનારા મા-બાપની પણ તેણે અનિવાર્યતા બતાવી. આ સાથે જ દુનિયામાં નિત્ય પરિવર્તન પામતા સમય સાથે ડગલા ભરવા તેણે અનુરોધ કર્યો. નવી ટેકનોલોજીને અપનાવવા માટે જરૂરી ક્ષમતા કેળવવા તેણે સલાહ આપી. સ્ત્રી-પુરુષ સમાનતાની બાબતમાં તેણે કહયું કે આ બાબત હજુ પણ સંપૂર્ણ રીતે 'જેન્ડર-ન્યૂટ્રલ' થઈ નથી. પરિવર્તન થયું છે છતાં કેટલીક અસમાનતા જોઈ શકાય છે. જિંદગીની અનેક લીલી-સૂકી જોનાર આ અભિનેત્રીનો જીવન તરફનો દૃષ્ટિકોણ કોઈને પણ પ્રભાવી કરી શકે તેવો છે. આપણાં એક ફિલ્મી ગીતના શબ્દોની માફક જીવંત તેમજ નિત્ય વહેતા રહેલા જીવનની તે બ્રાન્ડ એમ્બેસેડર છે.

**નદીયાં ચલે ચલે રે ધારા**
**ચંદા ચલે ચલે રે તારા**
**તુજકો ચલના હોગા ...**

ચમકદમકની દુનિયામાં જીવન વ્યતિત કરનાર આ સ્વભાવથી લો પ્રોફાઈલ અભિનેત્રી કહે છેઃ

**Show business is what**
**I do, not what I am.**

# મારૂં દુઃખ તારા કરતાં ઓછું... એ કેમ ચાલે!

પોતાની પીડાને ઓછી કરવાનો - હળવી કરવાનો રાજમાર્ગ કયો? એકદમ સિમ્પલ. આપણા કરતાં વધુ પીડા ભોગવનારાઓનો વિચાર કરવો. માણસ જો ધારે તો તેને પોતાની આજુબાજુ જ પોતાના કરતા વધુ પીડા ભોગવનારા માણસોના ઉદાહરણ મળી જાય છે. મલમલના ગાદલા પર ઊંઘની ગોળીઓ ખાઈને પણ ન ઊંઘનારા શેઠને બાલ્કનીમાંથી નીચે રસ્તા પર ફૂટપાથને ડનલોપ બનાવીને સૂનાર ભિખારીને જોઈને કદાચ ઊંઘ આવી જાય, અને નીચે ફૂટપાથવાળા ભિખારીને શેઠની હવેલી જોઈને ઊંઘ આવી જાય છે.

પણ, આવું થયું નથી, અને બને છે એનાથી ઊંધું મહેલમાં રહેનારને નીચે શાંતિથી સૂનારા ભિખારીની ઈર્ષ્યા આવે છે અને ભિખારીને શેઠની હવેલીની. સરવાળે બંને સૂતા નથી. આપણો આ સ્વભાવ મૂળભૂત છે. આપણને આપણાં દુઃખ જ પહાડ જેવું લાગે છે અને આ દુઃખ થકી લોકોની સહાનુભૂતિ મેળવવાની ઘેલછા ચરમસીમાએ પહોંચી છે.

સુખ વહેંચવાથી વધે છે અને દુઃખ વહેંચવાથી ઘટે છે, પરંતુ માણસની પ્રકૃતિ મોટે ભાગે એ પ્રકારની છે કે સુખ વહેંચવામાં તે કંજુસાઈ કરે છે, અને દુઃખમાં બધાને સહભાગી બનાવવા મથે છે.




બીજી મુસીબત છે... ઈર્ષ્યા. બીજાના જરી જેટલા સુખની પહાડ જેટલી ઈર્ષ્યા થાય છે. આપણું સુખ જેવડું એ બીજાનું સુર પહાડ જેવું દર્શાવવામાં આપણે અવ્વલ છીએ. આપણી ડૉક બીજાના સુખમાં ડોકીયા મારીને જ દુઃખી થાય છે.

પણ પાછી આ વાત દુઃખમાં લાગુ પડતી નથી. નાની ફોડલીને પંપાળીને આળપંપાળ કરીને ગાંઠ જેવી બનાવી દેનારા માણસોનો તોટો નથી. બસ માણસને પોતાની દુઃખની કહાની બવાવીને કહેવામાં કંઈક અલગ જ પ્રકારનો આનંદ આવે છે. આવું કરવાથી એની કંઈ તૃષ્ણા સંતોષાતી હશે એ તો ભગવાન જાણે, કોઈ પણ જગ્યાએ અમસ્તો જ માણસ કોઈને પુછી બેસે કે, "શું છે હમણાં કેવું ચાલે છે?" સામેથી જવાબ આવશે, "ઠીક છે પણ તમારા જેવું નહિં."

પોતાની સ્થિતિનો આનંદ તો કોઈ દિવસ નહિ થાય. પણ બીજા આગળ છે! તે વિચારથી એક અસંતોષની લાગણી રાખી આપણા સુખમય જીવનને પણ દુઃખી બનાવીએ છીએ.

પાછી મજાની વાત જુઓ કે આપણું દુઃખ એ કદાચ બીજાની માટે સુખ હોઈ શકે, માટે, દુઃખ કોઈ પાસે રડવામાં મજામાં નથી. કોઈ આપણું દુઃખ મટાડી શકતું નથી, કારણ કે તે સ્વયં જનિન છે. વળી, જો સાંભળનાર હમદર્દ બનીને સાંભળે તો ઠીક છે, બાકી મોટે ભાગે તો બધા મનમાં હસતાં જ હોય છે - 'હં, હવે આવ્યો ને લાગમાં!'

મફત અને સરળ રીતે અપાતી સલાહ આપનાર કહેશે 'ભાઈ! થોડું ધ્યાન રાખવું હતું ને!' આમ ન કર્યું હોય તો દુઃખી ન થવાત!'

દુઃખી હોઈએ ત્યારે બધા શાણપણ ડહોળવા પહોંચી જાય છે.

**"બસ દુર્દશાનો એટલો આભાર હોય છે,**
**જે પણ મળે છે મુજથી વધુ સમજદાર હોય છે"**
**- મરીઝ**

આવા ઉપદેશથી દુઃખ ઘટતું નથી... પરંતુ ઉપહાસથી ક્યારેક તીવ્ર બને છે, વાસ્તવમાં આપણે જેની પાસે હૃદય ઠાલવીએ છીએ એ સુખી છે ખરો? વળી, કદાચ આપણા રોદળાં સાંભળીને એ પોતાની જાતને સુખી માનવા લાગશે. સાથે એ પણ વિચારવાનું કે આપણા દુઃખની વાતો સાંભળવામાં તેને કેટલો રસ છે? વાસ્તવમાં તો સુખ દુઃખની આ દ્વંદ્વાત્મક સૃષ્ટિમાં રહેતા આપણે કોઈ એકના અતિરેકમાં બંનેનો સમન્વય જ જીવન છે, એ સમજવાનું ભૂલી જઈએ છીએ...

**"જીવન કયાં હૈ, ચલતા ફિરતા એક ખિલૌના હૈ,**
**દો આંખો મેં એક સે હૈ રૌના, એક સે હસના હૈ."**

રજનીશજીએ તેમના એક પ્રવચનમાં સરસ વાત કરી હતી. શ્રીમંતનું જ સે સુખ છે, તે ગરીબની ગરીબીમાં છે, શ્રીમંતની શ્રીમંતાઈમાં નથી.

દરેક મનુષ્યનું સ્વપ્ન હોય છે કે મૃત્યુ બાદ તેને સ્વર્ગ મળે. કારણ આપણને ખબર છે કે નરક જેવું કશું છે જ નહિ તો!

બટ્રાન્ડ રસેલે કયાંક એક સરસ વાત કરી છે કે હું સ્વર્ગમાં જવા નથી માંગતો, કારણ કે જયાં સુખ જ સુખ હોય, ત્યાં સુખનો ખ્યાલ કેવી રીતે આવશે? મળવાનું સુખ ન મળવાની લંબાઈથી આવે છે. પ્રાપ્તિમાં પ્રતિક્ષા જેટલું સુખ મળતું નથી.

પરંતુ જે સુખ છે તો પણ સુખી છે અને દુઃખ છે તો પણ સુખી છે, તે આનંદમાં પ્રવેશી જાય છે પણ ભાઈ! આવી સ્થિતિમાં તો કોઈ તો વિરલ વ્યક્તિ જ પ્રાપ્ત કરી શકે... સ્થિતપ્રજ્ઞ બનવાનું મારું કે તમારું કામ નથી યાર!

સો વાતની એક વાત કે પૈસાદાર હોવાથી સુખી નથી થવાતું અને ગરીબ હોવાથી દુઃખી. ધન પાસે સુખ પણ નથી પણ પોતાને મનગમતું દુઃખ પસંદ કરી શકાય છે.

ખરેખર સુખદુઃખ મહત્ત્વના નથી. પસંદગી મહત્ત્વની છે. ગરીબ માણસ જે દુઃખ ઈચ્છે તેને પસંદ નહીં કરી શકે, પરંતુ તવંગર વ્યક્તિ પસંદગીનું દુઃખ મેળવી શકે છે એટલે કે અમીર અને ગરીબના દુઃખમાં બહુ ફરક નથી... પસંદગીમાં ફરક હોય છે.

તો એવું છે કે દુઃખમાં હોઈએ ત્યારે ગીતાના અધ્યાય જેટલા સમજમાં આવે છે, તેટલા સુખમાં નથી આવતા... આ ભેદ મટી-જાય તો સુખ-દુઃખનું ચક્ર પણ મટી જાય.

**- jayuoza@gmail.com**

**સુખ વહેંચવાથી વધે છે અને દુઃખ વહેંચવાથી ઘટે છે, પરંતુ માણસની પ્રકૃતિ મોટે ભાગે એ પ્રકારની છે કે સુખ વહેંચવામાં તે કંજુસાઇ કરે છે, અને દુઃખમાં બધાને સહભાગી બનાવવા મથે છે**

# સામેના પાત્રની મર્યાદાને જાણીને સમજીને તેની સાથેના સંબંધોની જીવંતતા-ધબકારને પામવાનો અવસર એ જ મિત્રતા છે

'હેમંત, તેં તો દીકરાના વેવિશાળનો પ્રસંગ લગ્ન જેવો જાજરમાન અને ભભકાદાર કરી દીધી છે બેટા.'

વેવિશાળ નિમિત્તે યોજાયેલાં સમારોહની ભવ્યતા-આયોજન અને લાગણીનો ઉમળકો નિહાળીને જ્ઞાતિના એક વડિલે દીકરીના પિતાને કહ્યું.


હેમંતે વડિલનો આભાર માની, પગે લાગી બાજુમા ઊભેલા મિત્ર તપનનો હાથ ઝાલી કહ્યું, 'વડિલોના આશીર્વાદ છે કાકા, હવે કદાચ દીકરીના લગ્ન વૈદિકવિધિથી ઘરમેળે જ કરીશું તો એમાં માંડવા પક્ષે અમારા બે પરીવાર જ હશે.'

અને પેલા વડિલ આ બીજા પરીવાર સાથે હેમંતનો એવો તે કેવો સંબંધ છે? એ પ્રશ્નનો ઉત્તર શોધતાં શોધતાં ત્યાંથી ચાલી નીકળ્યા.

જેના માટે ગુજરાતી ચલચિત્રના એક ગીતમાં આ પંક્તિ લખાઈ -

'જેના માથે કુદરતની મ્હેર છે,
રાજકોટ રંગીલું શહેર છે.'

એ મોજીલા શહેર રાજકોટમાં હેમંતનો પરિવાર સ્થાયી થયો છે. મૂળ વતન પ્રજાવત્સલ રાજવી ભગવતસિંહજીનું ગામ ગોંડલ, અહીંના લોકોની સ્વાભાવિક ખુમારી-સાહસ-વીરતાની સાથે જ એના સ્વભાવમાં વિવેકપૂર્ણ વ્યવહારુતા, માણસને પામવાની કોઠાસૂઝ, આર્થિક કુનેહ અને નમ્રતા વણાયેલા રહ્યા. ઓડિયો-વીડિયો, ઈવેન્ટ મેનેજમેન્ટ અને મીડિયાના ક્ષેત્રનો એમનો વૈશ્વિક કારોબાર વિસ્તરેલો, પરિણામે સાધુ-સંતોથી લઈને સામાન્ય માણસ સુધીના લોકો સાથે એનો આત્મીય ઘરોબો. આવી જ કોઈ એક ધાર્મિક સાંસ્કૃતિક આયોજનની પળે એનો પરિચય બે દાયકા પહેલા તપન સાથે થયો. તપન પણ મૂળ તો સ્ટેજ આર્ટીસ્ટ એટલે પરફોર્મિંગ આર્ટ્સના ક્ષેત્રના બંનેના વિચારો-પ્રકૃતિ-પ્રવૃત્તિ અને એથી વધુ લાગણીશીલ વ્યક્તિત્વના કારણે બંનેની દોસ્તી ગાઢ બનતી ગઈ. દેશ-વિદેશની ધાર્મિક સાંસ્કૃતિક-આર્થિક અને સામાજિક ક્ષેત્રની વૈવિધ્યપૂર્ણ ઈવેન્ટના આયોજનમાં હેમંત હંમેશા તપનને આર્ટીસ્ટ રુપે ગુણવત્તાના આધારે પસંદગી આપે અને યજમાનો એની પ્રસ્તુતીની દાદ આ બંને મિત્રોને આપે. હેમંતની દીકરી અંકિતા અને તપનની એજ ઊંમરની દીકીર ધ્વનિ વચ્ચેની દોસ્તી પણ ધીરે ધીરે ગાઢ થતી ગઈ. બંને અમદાવાદ-રાજકોટ આવ-જા કરે અને બીજા શહેરોમાં પણ સાથે ફરવાનો આનંદ મેળવે. એક અર્થમાં બંનેની પારિવારિક દોસ્તી પરિવારના તમામ સભ્યો અનુભવે અને જિંદગીના રંગોને-પ્રસંગોને આનંદથી માણે.




તપન એની કેરિયરના, પરિવારના અને આર્થિક આયોજનના તમામ પ્રશ્નોમાં હંમેશા મિત્ર હેમંતનું માર્ગદર્શન મેળવે. એક ઘટના એવી બની જેમાં તપનના પરિવારનો વર્ષોનો એક વિશ્વાસનો ભરોસાનો સંબંધ લેણદેણ પૂરી થતાં તુટી ગયો. આ સમયે લાગણીશીલ સ્વભાવના તપનની પ્રોફેશનલ કેરિયરને ફરી પાટે ચઢાવવામાં મિત્ર તરીકે હેમંતે જ મહત્ત્વનો રોલ અદા કર્યો હતો. એક ચિંતકની જેમ એણે ત્યારે કહેલું કે અટકવું એ નહિ વહેવું એ જ જીવન છે અને પછી તપન ફરી પુરુષાર્થની અને સર્જનાત્મકતાની-પ્રેમની અને વિશ્વાસની આબોહવામાં જીવંતતા અનુભવતો થયો.

મિત્રતાના સૂત્રોને જીવી રહેલા આ બંનેના પરિવારમાં વિશેષ આનંદ હતો કારણ કે હેમંતની દીકરીએ પસંદ કરેલા અમદાવાદના યુવાન સાથે એનું વેવિશાળ ગોઠવાયું હતું. અંકિતા પરણીને પપ્પાના શહેરમાંથી તપન અંકલના શહેરમાં સ્થાયી થવાની હતી. એના વેવિશાળ નિમિત્તે રાજકોટમાં શાનદાર સમારોહ યોજાયો હતો. આધુનિક ટેકનોલોજીની સાથે સાથે પરંપરાગત વિધિની પણ અસર ચારે દિશામાં અનુભવાતી હતી. ગામે-ગામથી મહેમાનો-સ્વજનો અને જ્ઞાતિજનો આવ્યા હતા. સહુ કોઈ હેમંતને શુભકામના પાઠવતા હતા. તપન પણ પૂર્મા પરિવાર સાથે આર્ટીસ્ટ તરીકે સ્ટેજ પર અને એ સિવાય પરિવારના સ્વજનરુપે હાજર હતો. એ સમયે પેલા વડિલ સમક્ષ હેમંતે સામાન્ય વાતચીતમાં એની અને તપનની દોસ્તીને એક અદ્વિતીય ઊંચાઈ અને ગરિમા આપી હતી. મિત્રતામાં સમાયેલા સમર્પણ-ભરોસો અને વિશ્વાસનો અનુભવ કરી રહેલા તપનની આંખો આનંદના અશ્રુથી છલકાઈ ઊઠી હતી.

પહેલી નજરે સામાન્ય લાગતી ઘટનામાં બહુમૂલ્ય જ નહિ અમૂલ્ય છે, એ છે દોસ્તીનો અહેસાસ. આવનારા દિવસોમાં અંકિતાના લગ્ન છે, એના ડેડીએ પેલા જ્ઞાતિજન સહિત તમામ સગા-વહાલાંને ભાવથી નિમંત્રણ આપ્યું છે. વેવિશાળ કરતાં પણ વધુ આનંદથી અને શાનદાર રીતે લગ્ન ધામધૂમથી ઉજવાશે. દેશ-વિદેશમાં મિત્રો આવશે. પરંતુ એક પળમાં પ્રગટ થયેલો પેલો દોસ્તીનો અહેસાસ આ બંને માટે વધુ મહત્ત્વનો છે. આપણા તમામ સંબંધોમાં વહેવાર નહિં દિલથી લાગણી ભળે ત્યારે આવી અનુભૂતિ આનંદ આપે છે.

બે મિત્રો વચ્ચે લોહીની નહિ પરંતુ લાગણીની સગાઈ હોય છે. બે મિત્રો એકબીજાને બધું જ કહે, રોજ વૉટ્સ એપ પર સૂત્રો મોકલ્યા કરે અને એના કરતાં એકબીજાને પામે અને એકબીજાના આનંદ માટે કોશીશ કરે ત્યારે સાચા અર્થમાં મિત્રતા સાર્થક થાય છે.

નાની નાની ઘટનાઓ-સંવાદો અને અનુભૂતિઓ એકબીજાને ગાઢ દોસ્તીનો-પ્રેમનો અહેસાસ કરાવે છે. જે જીવવા માટેનું બળ પૂરું પાડે છે. સામેના પાત્રની મર્યાદાને જાણીને સમજીને તેની સાથેના સંબંધોની જીવંતતા-ધબકારને પામવાનો અવસર એ જ મિત્રતા છે.

મિત્રતામાં કે લાગણીના કોઈ પણ સંબંધોમાં એક યજ્ઞરુપી વેદીમાં સમર્પણ અને વિશ્વાસની - ભરોસો અને પ્રેમની આહુતિ આપવી પડે છે. એ પછી મિત્રતાનો જે પ્રકાશ પ્રગટ થાય છે - સંબંધોમાંથી જે અભ્યાસ રેલાય છે એના કારણે આવી મિત્રતાને - લાગણીના સંબંધોને પામનારા લોકોની આસપાસ અજવાળા રેલાય છે.

**તેજપૂંજ :**

***પ્રેમ-મૈત્રી એ ચૈતન્ય વિકાસના પગથિયાં છે. ચૈતન્યની પરિપૂર્ણતા અને પરિશુદ્ધતા પ્રેમ-મૈત્રીમાં છે. પ્રેમ-મૈત્રી એ આપણને અપાયેલું આપણું વચન છે, જે આપણે જાળવવાનું છે.***

**- સુભાષ ભટ્ટ**